દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૨૬ માર્ચ, ૨૦૨૬

એક વર્ષના બજેટ જેટલું ગુજરાત સરકારનું દેવું, નહીં જાગે તો આર્થિક સ્થિતિ બગડશે

દેશમાં ભાજપે જેને મોડેલ રાજ્ય તરીકે રજૂ કર્યું છે અને જેના વિકાસના ગાણાં ગવાય છે તેવા ગુજરાત રાજ્ય પર અધધધ... કહી શકાય તેવી રીતે હાલમાં 3.99 લાખ કરોડનું દેવું છે. એક જ વર્ષમાં ગુજરાતના દેવામાં રૂપિયા 22 હજાર કરોડનો વધારો થયો છે. જે રીતે દેવું દર વર્ષે વધી રહ્યું છે તેણે ગુજરાતમાં આર્થિક સ્થિતિ બાબતે ચિંતા ઉભી કરી છે. ગુજરાત વિધાનસભાના બજેટના સત્રમાં જ્યારે કેગ દ્વારા આ આંકડાઓ રજૂ કરવામાં આવ્યા ત્યારે ચોંકી જવાય તેવી સ્થિતિ બની રહી છે. આ દેવું ગુજરાતની તિજોરી પર ભારણ સમાન છે. આટલું દેવું હોવા છતાં પણ ગુજરાત સરકાર દ્વારા બજારમાંથી લેવામાં આવતી લોનમાં વધારો જ થતો જાય છે. કેગના આંકડા પ્રમાણે હાલમાં પ્રત્યેક ગુજરાતીના માથે રૂપિયા 66 હજારનું દેવું છે એવું માની શકાય.

કેગ દ્વારા જે આંકડાઓ રજૂ કરવામાં આવ્યા તે વર્ષ 2024-25ના આંકડાઓ છે. 2025-26ના આંકડાઓ હજુ પણ વધશે. ગૃહના ટેબલ પર મુકવામાં આવેલા આ કેગના રિપોર્ટએ રાજ્યની આર્થિક સ્થિતિ અને વધતાં દેવા અંગે ચિંતાજનક સ્થિતિ દર્શાવી છે. દેવું 22 હજાર કરોડ વધ્યું છે તો સાથે સાથે બજારમાંથી લેવામાં આવતી લોનમાં પણ 16 હજાર કરોડનો વધારો નોંધાયો છે. આ બતાવી રહ્યું છે કે, ગુજરાતનું દેવું બે રીતે વધી રહ્યું છે. જેમાં બજારમાંથી લેવામાં આવતી લોન અને સાથે સાથે વ્યાજનો થતો વધારો. રાજ્ય સરકાર દ્વારા પોતાની વિકાસ યોજનાઓ અને ખર્ચને પહોંચી વળવા માટે બજારમાંથી ધિરાણ લેવામાં આવી રહ્યું છે. વર્ષ 2020-21માં ગુજરાતનું દેવું 2.98 લાખ કરોડ હતું. 2021-22માં 3.08 લાખ કરોડ, 2022-23માં 3.39 લાખ કરોડ અને 2023-24માં દેવું 3.89 લાખ કરોડ થઈ ગયું હતું. જોકે, ત્યારબાદના વર્ષ 2024-25માં દેવું ઘટ્યું પણ હતું પરંતુ ફરી દેવું વધી જવા પામ્યું છે.

કેગ દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટમાં દેવામાં વધારાની સાથે સાથે એવી વાત પર પ્રકાશ પણ પાડવામાં આવ્યો છે કે ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટ અને સહાયમાં પણ ઘટાડો

થયો છે. નાણાંકીય સહાયમાં આ કપાતને કારણે સરકારે બજારમાંથી લોન લેવી પડી રહી છે અને તેને કારણે દેવામાં વધારો થાય છે. કેન્દ્ર સરકારે વર્ષ 2023-24માં 7540 કરોડની સહાય કરી હતી. બાદમાં વર્ષ 2024-25માં આ સહાય ઘટીને 6712 કરોડ થઈ ગઈ હતી. જોવા જેવું એ છે કે, કેન્દ્રમાં ભાજપની સરકાર જ છે અને ગુજરાતમાં પણ ભાજપની સરકાર છે. કેન્દ્રમાં વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી છે અને તેઓ પણ અગાઉ ગુજરાતના મુખ્યમંત્રી જ હતાં પરંતુ તેમ છતાં કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટમાં કરાઈ રહેલો ઘટાડો ગુજરાત માટે મુસીબત ઉભી કરી રહ્યો છે. ગુજરાત સરકારે ખરેખર કેન્દ્ર સરકાર પાસે રજૂઆત કરીને ગ્રાન્ટ તેમજ સહાયની રકમ વધારાવી જોઈએ. નહીં તો ગુજરાત સરકારનું દેવું દર વર્ષે હરણફાળ રીતે વધતું જ રહેશે.

ગુજરાત સરકારના દેવાના આ આંકડાઓ જોતાં સરકારે પણ પોતાના ખર્ચ પર કાબુ કરવાની જરૂરીયાત છે. બે દાયકા પહેલાનું ગુજરાત પરનું દેવું અને હાલનું દેવું જોવામાં આવે તો આસમાન અને જમીનનો ફરક છે. ભાજપના રાજમાં વિકાસ થયો છે પરંતુ સાથે સાથે દેવું ખૂબ ઝડપથી વધ્યું છે. જેની પર અંકુશ આવે તે જરૂરી છે. વચ્ચે એક વર્ષ માટે દેવું ઘટ્યું હતું. હાલમાં ગુજરાત સરકારને જીએસટીની બમ્પર આવક થાય છે. દેવું ઘટાડવા માટે તેનો લાભ લેવો જોઈએ. ઉપરાંત તમામ યોજનાઓની સમયાંતરે સમીક્ષા થતી રહેવી જોઈએ કે જેથી જે તે યોજનામાં થતો બિનજરૂરી ખર્ચ અટકાવી શકાય. જોવા જેવું છે કે આ વર્ષે ગુજરાત સરકારનું બજેટ રૂપિયા ૪,૦૮,૦૫૩ કરોડ છે. જ્યારે તેની પરનું દેવું 3.99 લાખ કરોડ છે. એટલે કે આખા વર્ષના બજેટ જેટલું દેવું ગુજરાત પર છે. જો ગુજરાત સરકાર દેવું ઘટાડવા માટે યોગ્ય આયોજનો નહીં કરે તો ભવિષ્યમાં સરકારે દેવાના વ્યાજના નાણાં ચૂકવવા માટે પણ વ્યાજે નાણાં લેવા પડશે તે નક્કી છે.

ભારતમાં યુરિયાની અછતની કૃષિ ઉત્પાદન, જીડીપી અને ખાદ્ય સુરક્ષા પર અસર

ભારત કૃષિપ્રધાન દેશ હોવાથી યુરિયા (નાઇટ્રોજનયુક્ત ખાતર) તેની ખાદ્ય સુરક્ષાનો પાયો છે. ભારત વિશ્વનો સૌથી મોટો યુરિયા વપરાશકાર અને આયાતકાર દેશ છે, જ્યાં કૃષિ ઉત્પાદનમાં નાઇટ્રોજનનું પ્રમાણ નિર્ણાયક છે. જોકે, ૨૦૨૬ના વર્ષોમાં ભારત યુરિયાની ગંભીર અછતનો સામનો કરી રહ્યું હોય તેવું જણાય છે. આ અછત માત્ર ઉત્પાદન અને માંગ વચ્ચેના તફાવતને કારણે નથી, પરંતુ વર્તમાન પશ્ચિમ એશિયાના યુદ્ધ (ઈરાન સંઘર્ષ) અને ઊર્જા પુરવઠામાં આવેલા વિક્ષેપનું પરિણામ છે.

૧. અછતનું ગણિતઃ માંગ અને પુરવઠાનું વિશ્લેષણ

ICRA અને સરકારી અંદાજો મુજબ, આગામી નાણાકીય વર્ષોમાં યુરિયાની સ્થિતિ નીચે મુજબ રહેવાની શક્યતા છેઃ

વાર્ષિક માંગઃ ૩૯ થી ૪૧ મિલિયન ટન.

ઘરેલુ ઉત્પાદન ક્ષમતાઃ ૩૦.૬ મિલિયન ટન (મર્યાદિત).

અછત/ આયાત પર નિર્ભરતાઃ ૭ થી ૧૦ મિલિયન ટન (જરૂરિયાતના ૧૮-૨૫%).

વર્તમાન અવરોધઃ ઈરાન યુદ્ધ અને હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધને કારણે LNG (લિક્વિફાઈડ નેચરલ ગેસ) સપ્લાય ખોરવાયો છે. ભારતનું ૮૬% LNG પશ્ચિમ એશિયા પર આધારિત હોવાથી ઘરેલુ યુરિયા પ્લાન્ટ્સનું ઉત્પાદન ઘટ્યું છે, પરિણામે અસરકારક અછત ૧૦-૧૫% સુધી વધી શકે છે.

૨. કૃષિ ઉત્પાદન અને જીડીપી પર સંભવિત અસરો

યુરિયાની અછત સીધી રીતે ખેતી અને દેશના આર્થિક વિકાસ દર (GDP)ને અસર કરે છેઃ

પાકની ઉપજમાં ઘટાડોઃ મુખ્ય પાકો જેવા કે ચોખા, ઘઉં અને મકાઈની ઉપજમાં ૪થી ૭%નો ઘટાડો થઈ શકે છે.

કૃષિ જીડીપીઃ કૃષિ ક્ષેત્ર કુલ જીડીપીના ૧૫-૧૮% હિસ્સો ધરાવે છે. જો કૃષિ ઉત્પાદનમાં ૨-૪% ઘટાડો થાય, તો કુલ જીડીપીમાં ૦.૩ -૦.૭%નો ઘટાડો જોવા મળી શકે છે.

મોંઘવારીઃ ખાદ્ય પદાર્થોની મોંઘવારીમાં ૧-૨%નો વધારો થવાની શક્યતા છે, જે ગરીબ અને મધ્યમ વર્ગ પર બોજ વધારશે.

ભારતની યુરિયા માટે આયાત પર નિર્ભરતા હાલ લગભગ ૨૫ ટકા સુધી છે, જે ૨૦૩૦ સુધીમાં વધીને ૩૦ ટકા થઈ શકે છે. હાલમાં ખાતરનો સ્ટોક પૂરતો છે (લગભગ ૬.૧૫ મિલિયન ટન માર્ચ ૨૦૨૬માં), પરંતુ ખરીફ સીઝન (જૂનથી શરૂ) પહેલાં જો પરિસ્થિતિ સામાન્ય ન થાય તો અછત ૧૦-૨૦% સુધી પહોંચી શકે છે. ભારતે ચીન પાસેથી વધુ યુરિયા માગ્યું છે, પરંતુ તે પણ અનિશ્ચિત છે.

૩. ભારતની ખાતર નીતિ અને સબસિડીનું માળખું

ભારત સરકાર ખેડૂતોને સસ્તા દરે ખાતર આપવા માટે ભારે સબસિડી આપે છે.

યુરિયા સબસિડીઃ ૪૫ કિલોની બેગની MRP ૨૪૨ સ્થિર રાખવા સરકાર લગભગ ૯૦% સબસિડી ભોગવે છે.

બજેટ પર બોજઃ ૨૦૨૬-૨૭ માટે અંદાજિત સબસિડી ૧.૧૬ લાખ કરોડ છે, પરંતુ વૈશ્વિક ભાવ વધારાને કારણે આ આંકડો ૧.૮ થી ૨ લાખ કરોડ સુધી પહોંચી શકે છે.

ન્યુટ્રિઅન્ટ બેઝ્ડ સબસિડી (NBS): P|K ખાતરો (DAP વગેરે) માટે સરકાર અલગથી સબસિડી આપે છે, પરંતુ યુરિયા હજુ આ માળખામાં ન હોવાથી તેનો વધારે પડતો ઉપયોગ થાય છે.

૪. નેનો યુરિયાઃ એક આશાસ્પદ વિકલ્પ?

પરંપરાગત યુરિયાની અછતને પહોંચી વળવા IFFCO દ્વારા વિકસિત નેનો યુરિયા એક ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે.

કાર્યક્ષમતાઃ નેનો યુરિયાની ૫૦૦ મિલીની એક બોટલ ૪૫ કિલોની એક બેગ બરાબર કામ કરે છે. તેની નાઇટ્રોજન ઉપયોગિતા ૮૦%થી વધુ છે.

ઉત્પાદનઃ ભારત પાસે ૨૯ કરોડ બોટલ બનાવવાની ક્ષમતા છે, જોકે ખેડૂતોમાં જાગૃતિના અભાવે હાલમાં તેનો વપરાશ ઓછો છે.

ફાયદોઃ તે પરિવહન ખર્ચ ઘટાડે છે અને માટીની ફળદ્રુપતા જાળવવામાં મદદરૂપ થાય છે.

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

ભારત વિશ્વનો સૌથી મોટો યુરિયા વપરાશકાર અને આયાતકાર દેશ છે, જ્યાં કૃષિ ઉત્પાદનમાં નાઈટ્રોજનનું પ્રમાણ નિર્ણાયક છે

૫. નિષ્કર્ષ અને ભલામણો

વર્તમાન કટોકટી ભારતની ઊર્જા-આધારિત ખાતર નીતિની મર્યાદાઓ છતી કરે છે. સ્વનિર્ભરતા માટે માત્ર નવા પ્લાન્ટ્સ પૂરતા નથી, કારણ કે તેનો કાચો માલ (ગેસ) વિદેશી આયાત પર નિર્ભર છે. અત્યારે યુરિયા પર વધારે પડતો આધાર હોવાથી NPKનું અસંતુલન થવાથી માટીની ફળદ્રુપતા ઘટી રહી છે. ભારતને અત્યારે ગ્રીન/કોલ આધારિત યુરિયા, નેનો યુરિયા અને પ્રિસિઝન ફાર્મિંગના વિસ્તાર, સબસિડી સુધારા અને સોઇલ હેલ્થ કાર્ડનો અમલ કરવાની જરૂર છે. આવું નહીં કરીએ તો ભારતીય કૃષિ અને અર્થતંત્ર વૈશ્વિક જોખમો સામે સુરક્ષિત નહીં રહે, જે લાંબાગાળે ખાદ્ય સુરક્ષા અને વિકાસને અવરોધશે. સરકારે તાત્કાલિક વિવિધીકરણ અને ટેક્નોલોજી પર ધ્યાન આપવું જોઈએ.

ભારત ૮૦ કરોડ લોકોને NFSA હેઠળ મફત અનાજ આપે છે. ખાતરની અછતથી ખાદ્ય અછત અને મોંઘવારી વધશે. ગ્રામીણ આવક ઘટશે, ખેડૂતોના ખર્ચ વધશે અને સરકારનો સબસિડી બોજ પણ વધશે. ભારત પોતાના ૧૪૦ કરોડ લોકોનું પેટ ભરી શકે એટલું અનાજ ઉત્પન્ન કરે છે અને એ રીતે અન્ન સ્વાવલંબી છે, પરંતુ જો ખાતરની અછતને કારણે અનાજનું ઉત્પાદન ઘટે અને અનાજ આયાત કરવાની જરૂરિયાત ઊભી થાય તો એ માટે ભારતે વિદેશી હૂંડિયામણ ખર્ચવું પડશે. UNના અહેવાલ મુજબ વૈશ્વિક સ્તરે પણ ભારત-બ્રાઝિલ-ચીન જેવા મોટા ખેતપેદાશ ઉત્પાદક દેશોને અસર થવાથી વિશ્વની ખાદ્ય સુરક્ષાનું જોખમ પણ છે.

આગામી વ્યૂહરચનાઃ

વૈકલ્પિક ઊર્જાઃ કોલ-ગેસિફિકેશન અને ગ્રીન હાઇડ્રોજન આધારિત યુરિયા પ્લાન્ટ્સને વેગ આપવો.

નેનો ટેકનોલોજીઃ નેનો યુરિયા અને નેનો DAPનો વ્યાપક પ્રચાર કરવો.

નીતિગત સુધારાઃ યુરિયાને પણ NBS (Nutrient Based Subsidy) હેઠળ લાવી NPKના સંતુલન (૪:૨:૧)ને જાળવવું.

આયાત વિવિધીકરણઃ માત્ર પશ્ચિમ એશિયા પર નિર્ભર ન રહેતા રશિયા અને આર્જેન્ટિના જેવા દેશો સાથે લાંબાગાળાના કરાર કરવા.

જો ભારત આ પગલાં લેવામાં નિષ્ફળ રહેશે, તો વૈશ્વિક ભૌગોલિક જોખમો ભારતની ખાદ્ય સુરક્ષા અને ગ્રામીણ અર્થતંત્રને લાંબાગાળે નુકસાન પહોંચાડી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

યુદ્ધના ધોરણે મંડી પડો

એક વડીલ હતા તેઓ હંમેશાં સતત કામમાં રહે, કંઈક ને કંઈક પ્રવૃત્તિ કરતા રહે. એક દિવસ તેઓ પોતાના નાનકડા પૌત્ર માટે નાનકડી નૌકા બનાવી રહ્યા હતા. વડીલને એમના મિત્ર મળવા આવ્યા ત્યારે નૌકા બનાવવાનું કામ ચાલુ હતું.

નૌકા બનાવવામાં તેઓ એટલા વ્યસ્ત હતા કે મિત્રએ ખાસ પાસે જઈ ખભા પર હાથ રાખી બોલાવા પડ્યા અને કહ્યું, 'દોસ્ત શું કરે છે? હું ક્યારનો આવ્યો છું અને તારું ધ્યાન નથી.' ચમકીને વડીલે તેની સામે જોયું ત્યારે તેઓ એકદમ પરસેવે રેબઝેબ હતા અને ખૂબ જ થાકેલા લાગતા હતા. મિત્રએ કહ્યું, 'દોસ્ત, શું કામ આટલું બધું કામ કરે છે? જરાક આરામ કરી લે, થોડીવાર આરામ કર્યા બાદ કામ કરીશ તો શું થઈ જશે.'

વડીલે અદાથી સૂત્રોચ્ચાર કરતા હોય એ રીતે કહ્યું, 'આરામ હરામ હૈ!'

મિત્રએ કહ્યું, 'દોસ્ત આટલું બધું જોશ અને તાકાત ક્યાંથી લાવે છે?' વડીલે કહ્યું, 'જો દોસ્ત જીવનનું સત્ય છે 'મૃત્યુ' અને ક્યારે મરી જવાય તે નક્કી નથી અને મેં મારા નાનકડા પૌત્રને વચન આપ્યું છે કે હું તેને એક નાનકડી નૌકા બનાવીને આપીશ હવે તેને માટે નૌકા બનાવવા પહેલા તો મરાય નહીં વચનભંગ કહેવાયને એટલે હું તો એક કલાક જ જીવવાનું છે એમ સમજીને યુદ્ધના ધોરણે જ દરેક કામ કરવા માટે મંડી પડું છું!'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

દોસ્ત બોલ્યા, 'અરે આવું શું બોલે છે મરવાની વાત શું કામ કરે છે?' વડીલે કહ્યું, 'જો ભાઈ જીવનમાં બધા કામ પુરા કરવાનું અને સફળતા મેળવવા માટે સતત કામમાં યુદ્ધના ધોરણે મંડી પડવું જરૂરી છે. આપણે બધા જિંદગીને પ્રેમ કરીએ છીએ એટલે આવી મૃત્યુની કલ્પના ન ગમે પરંતુ ધારો કે આપણે એક કલાક પછી મરી જવાનું હોય આવું ધારવું અઘરું છે અને અણગમતું છે, પણ ધાર જો એમ થાય આપણી પાસે જીવવા માટે એક કલાક જ હોય તો રૂપિયા પૈસાનો હિસાબ કિતાબ તો સમજ્યા પણ બીજા કેટલાય હિસાબ ચૂકવવાના બાકી રહી જાય. સ્નેહ સંબંધોના તાણાવાણા અને કેટલાય ઉપકારનો આભાર. કેટલાયને માફી. આવા ઘણા બધા કામ કરવાના બાકી રહી ગયા હોય તે યાદ આવે. મહત્વના કાર્યો બાકીના રહી જાય માટે નાનું કે મોટું દરેક કામ કરવા માટે આજે જ અત્યારે જ યુદ્ધના ધોરણે મંડી પડવું જોઈએ.' વડીલ પાછા નૌકા બનાવવા લાગ્યા.

વૃક્ષને કપાતાં અટકાવવા ધરણાં કરનારા વીરલાઓ સફળ થશે?

'એક વૃક્ષને બચાવવા માટે જીવ આપવો પડે તો પણ એ ઓછું છે.' આમ કહેનાર અમૃતાદેવી બિશ્નોઈએ ખરેખર વૃક્ષને બચાવવા માટે પોતાના પ્રાણની આહુતિ આપી દીધી હતી. વર્ષ હતું ઈ.સ.1730નું. જોધપુરના રાજા અભયસિંહના સૈનિકો મહેલના બાંધકામ માટેનાં લાકડાં લેવા ખીજડાનાં વૃક્ષો કાપવા માટે આવ્યા હતા. એ વખતે અમૃતા દેવી વૃક્ષને વળગી રહ્યાં અને જાન કુરબાન કરી દીધો. તેમની સાથોસાથ બીજા 363 લોકોએ પણ જીવ ગુમાવ્યા. ખાસ કરીને પશ્ચિમ રાજસ્થાન માટે આ વૃક્ષ વિશેષ મહત્ત્વનું છે. તેને આ વિસ્તારની જીવાદોરી કહી શકાય.

કહેવાય છે કે દુષ્કાળના સમયે અહીંના લોકો ખીજડાના વૃક્ષની છાલ ખાઈને ટકી રહ્યા હતા. ખીજડાનાં મૂળ જમીનમાં ત્રણસો ફીટ સુધી ઊતરીને પાણી શોષી શકે છે અને વૃક્ષને બચાવી શકે છે. તેનો એક એક ભાગ ઉપયોગી છે. વરસના દસેક મહિના તો તે પશુઓને અતિશય પૌષ્ટિક એવો આહાર પૂરો પાડે છે. તેનાં ફળ (શિંગ) ખાઈને લોકો પણ પોષણ મેળવે છે. તેના ચારાની બજાર કિંમત પ્રતિ ક્વિન્ટલ બે હજાર રૂપિયા અને સૂકાયેલી શિંગની પંદરસોથી બે હજાર રૂપિયા પ્રતિ કિલો જેટલી હોય છે. વરસેદહાડે આ ઝાડ પચાસ-સાઠ હજારનો ચારો અને શાક મેળવી આપે છે. મે-જૂન દરમિયાન તેમાંથી ઝરતો ગુંદર પણ ખાઈ શકાય છે. તેનાં ફૂલોનો રસ મધમાખીઓ પીવે છે, એટલું જ નહીં, તેની પર મધપૂડા પણ બનાવે છે. અનેક પ્રકારની કીડીઓ તેમજ જીવાત આ વૃક્ષ પર નભે છે અને પક્ષીઓ પણ. આ વિસ્તારના લોકોના જીવનમાં ખીજડાનું વૃક્ષ એટલું મહત્ત્વનું સ્થાન ધરાવે છે કે જન્મથી લઈને મરણ સુધીના વિવિધ પ્રસંગોએ તે એક યા બીજા સ્વરૂપે ઉપયોગમાં લેવાતું રહે છે. મહાભારતમાં પણ ખીજડાના વૃક્ષનો મહત્ત્વનો ઉલ્લેખ કરાયો છે.

સવાલ એ છે કે અચાનક ખીજડાના વૃક્ષનું માહાત્મ્ય કરવાનું શું કારણ? રાજસ્થાનમાં બીકાનેર સૌર ઊર્જાના અતિ મહત્ત્વના કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે. ફેબ્રુઆરી, 2026માં રજૂ કરાયેલા

ફીર દેખો ચારોં

બીરેન કોઠારી

આ વિસ્તારના લોકોના જીવનમાં ખીજડાનું વૃક્ષ એટલું મહત્ત્વનું સ્થાન ધરાવે છે કે જન્મથી લઈને મરણ સુધીના વિવિધ પ્રસંગોએ તે એક યા બીજા સ્વરૂપે ઉપયોગમાં લેવાતું રહે છે

રાજ્ય સરકારના બજેટ અનુસાર, રાજસ્થાનના કેવલ બે જિલ્લા-બીકાનેર અને જેસલમેરમાં જ સૌર પ્રકલ્પો માટે 2,900 કરોડ રૂપિયા ફાળવવાની જોગવાઈ કરવામાં આવી છે. બધું મળીને આશરે 4,830 મેગાવોટની ક્ષમતા ધરાવતા સૌર પાર્ક વિકસાવવામાં આવશે. બસ, અહીં ખીજડાનું વૃક્ષ ચિત્રમાં પ્રવેશે છે. આ પ્રકલ્પોની તૈયારી એકદમ આક્રમકતાથી થવા લાગી છે અને જે તે વિસ્તારમાંથી ખીજડાનાં વૃક્ષોનો સફાયો કરાવા માંડ્યો છે. કાલાસર અને તેની પાસે આવેલા સવાઈસર ગામમાંથી જ પાંચેક હજાર વૃક્ષો સફાચટ કરી દેવાયાં છે. આ ગામના ખેડૂતો કહે છે કે અમને અણસાર પણ હોત કે સૌર પ્લાન્ટ ઊભો કરવા માટે કંપનીઓ ખીજડાનાં ઝાડ કાપી નાખશે તો અમે જમીન આપત જ નહીં, કેમ કે, જમીન લીઝ પર અપાઈ એમાં જોગવાઈ હતી કે એકે વૃક્ષ કાપવામાં નહીં આવે.

સ્વાભાવિક રીતે જ આમ બનવાથી આ વિસ્તારના લોકો ક્રોધે ભરાયા અને 2 ફેબ્રુઆરી, 2026થી બીકાનેરના બિશ્નોઈ સમાજના લોકોએ 'ખીજડા બચાવો આંદોલન આરંભ્યું. એક બે કે પાંચ દસ નહીં, સેંકડો લોકો સ્વયંભૂ તેમાં જોડાયા, જેમાં અન્ય રાજ્યોના લોકો પણ સામેલ છે. આ આંદોલનને મળેલા વ્યાપક જનસમર્થનને પગલે આખરે રાજસ્થાનના મુખ્યમંત્રીએ 5 ફેબ્રુઆરીએ વિધાનસભામાં ખીજડાનાં વૃક્ષો બચાવવા માટેનો કાયદો ઘડવાની ઘોષણા કરવી પડી. આ સરકારી આશ્વાસન પછી બીકાનેરમાં મામલો થાળે પડી ગયો, પણ ખેજડલા રોહી વિસ્તારના કિશનારામ ગોદારા નામના એક ખેડૂત બીકાનેરમાં આવેલા કલેક્ટર કાર્યાલય સમક્ષ છેક 18 જુલાઈ, 2024થી ધરણા કરી રહ્યા છે. આ વિસ્તારના નોખા દૈયા ગામની કુલ 2,300 વીઘાં જમીનમાં સૌર પ્રકલ્પ આવી ગયા છે અને હજી બીજી પાંચસો વીઘાં જમીનમાં તે આવી રહ્યા છે. જુલાઈ, 2024માં અહીંયાં રાતોરાત ખીજડાનાં વૃક્ષ કાપી નાખવામાં આવ્યા. તેને કારણે કિશનારામે ધરણાંનો આરંભ કર્યો. તેમના સમર્થનમાં બિશ્નોઈ સમાજના અન્ય લોકો જોડાતા ગયા. 15 ફેબ્રુઆરી, 2026નો દિવસ તેમના ધરણાનો 568મો દિવસ હતો.

કંપનીએ સામ, દામ, દંડ, ભેદ જેવા પેંતરા આ ખેડૂતો પર અજમાવ્યા, પણ નિષ્ફળતા મળી. કિશનારામની ત્રણ મુખ્ય માગણીઓ છે. એક તો રાજસ્થાનના રાજવૃક્ષ ગણાતા ખીજડાના કાપવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ, બીજો રાજસ્થાન ટ્રી એક્ટ બનાવવામાં આવે અને કોઈ પણ વૃક્ષો કાપ્યા વિના સૌર પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવે. બિનઉપયોગી જમીન હોય એવે સ્થાને તે ઊભા કરવામાં આવે, કેમ કે, કૃષિલક્ષી જમીન અને પર્યાવરણના ભોગે એને સ્વિકારી શકાય નહીં. તેમનું કહેવું છે કે આ વિસ્તારમાં નહેર આવી રહી છે, આથી વિવિધ પ્રકલ્પો પણ આવી રહ્યા છે અને ખેડૂતોના ભાગનું પાણી આ પ્રકલ્પોને મળી રહ્યું છે. ગામમાં ઊભા કરાયેલા સૌર પ્લાન્ટ માટે રોજેરોજ પાંચ-છ હજાર લિટરની ક્ષમતા ધરાવતી વીસેક ટેન્કર ભરીને પાણી વપરાય છે. કેવડો મોટો જથ્થો! કિશનારામ ભારપૂર્વક જણાવે છે કે પોતે સૌર પ્રકલ્પના વિરોધી નથી.

નાણાં અને વિકાસની લ્હાયમાં પર્યાવરણનું, કુદરતનું નિકંદન કાઢતાં જરાય ન અચકાવું એ આધુનિક યુગની તાસીર બની રહી છે. તેમાં કોર્પોરેટ ક્ષેત્ર સાથે રાજકારણીઓ હાથ મિલાવે એટલે સ્વાર્થ સિવાયનું બધું કોરાણે મૂકાઈ જાય છે. વિકાસ થાય એમ સૌ કોઈ ઈચ્છે છે, પણ એ કેટલો અને ખાસ તો કોના ભોગે એ સવાલનો જવાબ મેળવવાની તસદી ભાગ્યે જ લેવામાં આવે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ભીડને કાબૂમાં રાખવી માથાનો દુઃખાવો!

આપણા ધાર્મિક સ્થળો કે પર્યટક સ્થળો એ લોકોની વધેલી વસ્તીને કારણે નાના પડે છે જ્યાં જુઓ ત્યાં લોકોની ભીડ દેખાય છે મંદિરોમાં પણ ભારે ભીડ થતા ક્યારેક ભાગદોડ થાય તો તેમાં કેટલાય લોકો કચડાઈ ને મરી ગયાના બનાવો બનતા રહે છે હમણાં જ ડુમસ સી ફેસ બન્યું છે ત્યાં પણ લોકોની એટલી તો ભીડ થાય છે કે પગ મૂકવાની જગ્યા હોતી નથી આવી ભીડને કાબુમાં રાખવા સત્તાવાળાઓ માટે માથાના દુખાવા સમાન થઈ જાય છે પર્યટક સ્થળ ફરવા માટે હોય છે ત્યાં લોકોના ટોળેટોળા ઉમટી પડતા પર્યટક સ્થળ માત્ર ભીડ ભેગી કરવાનું મેદાન હોય તેવું લાગી આવે! ધાર્મિક સ્થળો કે પર્યટક સ્થળોએ લોકોની ભારે ભીડ જોતા એવું લાગે છે કે ભવિષ્યમા કદાચ લોકોને ફરવા માટે પણ પરમીટ પ્રથા દાખલ કરવી પડે તેવી શક્યતા નકારી ન શકાય

સુરત - વિજય તુઈવાલા

હિન્દી ફિલ્મ ધુરંદર 2ની અસર બે અસર

હિન્દી ફિલ્મ દુરંધર - રએ 850 કરોડથી વધુના વકરો કરી બોલીવુડના બધા ઈતિહાસ તોડી પાડ્યા છે જેનું કારણ રૂ. 500 અને રૂ 900 ની એક ટિકિટ નો પણ ગણી શકાય. પરંતુ આ ફિલ્મની અસર પાકિસ્તાનમાં ખૂબ પડેલી હોય તેવો સોશિયલ મીડિયા પરના વિડીયો પરથી જણાય આવે છે જેમાં આમ તેમ રખડતો કે ફૂટપાથ પર સૂતેલો વ્યક્તિ પાસે થી ત્યાંની સ્થાનિક પ્રજા અને પોલીસ પ્રશાસન બંને આવા આવારા રખડતા રજડતા ઓની નાગરિત્વ તપાસી રહી છે જે કામ ભારતમાં છેલ્લા દસ વર્ષમાં થવું જોઈએ તે થયું નથી. જેને કારણે ભારતમાં જ ભારત વિરોધીઓ અને સ્લીપર સેલો એટલે કે અન્ય દેશ ને આપણા દેશ ની ખબર આપનાર ઓનો રાફડો ફાટ્યો છે અને તેઓને મઝા પડી ગઈ છે, વિદેશ થી જે ફન્ડિંગ થાય છે તે બાબતે પણ આપણું પ્રશાસન જરા પણ ગંભીર થઈ પાકિસ્તાનમાં થાય છે તે ભારતમાં કરી શકતા નથી??!! તેને પ્રશાસનની નબળાઈ ગણવી કે લાપરવાહી ગણવી તે પ્રજાજનો/ મતદાતા ઓને સમજણ પડતી નથી. આવા ભિખારી સ્વરૂપે થી માંડી ધંધાદારી સ્વરૂપે ફરતા સ્લીપર સેલ અને આતંકવાદીઓ માટે ભારત ધર્મશાળા બની ગયું છે. ત્યારે ક્યારે તેઓને ભારત ભારે પડશે તે રહસ્યની વાત છે. શ્રીમાન નરેન્દ્ર ભાઈ મોદી અને તેની સરકાર ભારતમાં જ પૂરેપૂરું ધ્યાન આપે અંદરના દુશ્મનોનો ખાતમો કરે તેની દેશવાસીઓ રાહ જોઈ રહ્યા છે. નહીં તો આ સરકાર હોય કે બીજી સરકાર મતદાતાઓને કશો ફરક પડતો નથી.

સુરત - પરેશ ભાટીયા

સપ્તસુર ગાન એક પ્રાણાયામ

મિત્રો સંગીતમાં એવું જાદુ છે કે જે તન મનને પ્રફુલ્લિત કરે છે. માનવ જીવનમાં સંગીતના મહિમા અનોખો છે સંગીત વગરનું જીવન એ દિશા અને દશા બંને બગાડે છે.સાહિત્ય, સંગીત, કલાવિ હીન માણસ પશુ સમાન છે., તાજેતરનું સંશોધન બતાવે છે કે દરરોજ ગીત ગાવાથી માણસનું ટેન્શન દૂર થાય છે. સંગીત શોખીન માનવ લાંબું જીવે છે.ગાવું એક જાતનો પ્રાણાયામ પણ છે સંગીત સાંભળવાથી તન મનને અનેક લાભો પ્રાપ્ત થાય છે.સંગીત કોઈપણ હોય શાસ્ત્રીય હોય સુગમ હોય સુફી હોય કે હવેલી સંગીત હોય માનવીના મનનો થાક હતાશા કોઈ વિચાર મા નેગેટિવતા એટલે કે નકારાત્મક વલણથી એ માણસને બચાવે છે સંગીત માનવીને જીવાડે છે. નાના બાળકોને નાનપણ થીજ સંગીત કે વાદન તરફ વાળવા જોઈએ. સંગીત થી જીવનમાં નવી પ્રાણ ઉર્જા આવે છે અને સકારાત્મક પરિણામ પણ જોવા મળે છે.

પહેલાના જમાનામાં ઓલ ઇન્ડિયા રેડિયો પર બીનાકા કે સીબાકા શીર્ષક નીચે ફિલ્મ ગીતોનો પ્રોગ્રામ આવતો.. હોશે હોશે લોકો તેનો ઈન્તજાર કરતા. પેલા ગીતમાં પણ કહેવામાં આવ્યું છે કે "ગીત ગાતા ચલ ઓ સાથી ગીત ગુનાતા ચલ""... આજના ધમાલિયા વાતાવરણમાં દોડધામ ભર્યા જીવનમાં દરેકે સંગીત માટે થોડોક સમય કાઢવો જોઈએ એટલે કે સંગીતને માણવું જોઈએ. રાત્રે સંગીતમય શૈલીમાં પ્રભુ ભજન પણ કરી શકાય. વર્તમાન સમયમાં સંગીતની ખાસ જરૂર તથા ઉપયોગીતા છે એ ના ભુલવું જોઈએ. આવો આપણે સૌ સાથે મળીને આ સપ્તસુરના સહારે જીવનને સંગીતથી સુરીલું બનાવીએ અને જીવન માં તન અને મનને નિરોગી રાખીએ..

સુરત - લેખન યોગેન્દ્ર પટેલ

શ્રીરામનવમી તહેવારનું આધ્યાત્મિક